# મસ્જિદોના ઇમામોની દયનીય હાલત માટે જવાબદાર કોણ ?

સંપાદક : સૈયદ એહસાનુલ-હક
'એહસાન' કાદરી હૂદી હુસૈની
(જા.-નશીને હઝરત મુહિબ્બે મિલ્લત, રૂપાલ)

પ્રકાશન નં. ૧૬
નકલ : ૧૦૦૦
તા. ૧૨-૧૦-૨૦૧૬
યૌમે આશૂરા

પ્રકાશક
બઝમે કાદરિયહ
સિંધીવાડ, કસ્બા, મુ. કડી, જિ. મહેસાણા.

# 1 વાજિબુલ એહતરામ ઉલ્માએ ઇઝામ તથા અઇમ્માએ કિરામ

એક તરફ મોંઘવારી આકાશને આંબી રહી છે. રૂપિયાની કિંમત દિવસે દિવસે ઘટી રહી છે. બીજી તરફ દીનના ખાદિમોના પગારોમાં કાપ મુકાઈ રહ્યો છે. એક સમય એવો હતો જયારે ઈન્સાન અમુક રૂપિયામાં ઘર ચલાવી શકતો હતો. પરંતુ આજના સમયમાં એક મધ્યમ વર્ગના વ્યક્તિ માટે પોતાની જરૂરિયાતો પૂરી કરવી બહું જ અઘરૂ છે. આવામાં આપણે વિચારવું જોઇએ કે ગરીબ લોકો પોતાના માટે કેવી રીતે બે ટંકની રોટી પ્રાપ્ત કરી શકતાં હશે ?

દરરોજ વધતી જતી મોંઘવારી એ ઘરના વડીલ અને જવાબદાર વ્યક્તિઓને કંપાવી મૂકયા છે અને જરૂરિયાતોને પૂરી કરવા માટે ઘણા પ્રયત્નો પછી પણ કોઈ રસ્તો નથી દેખાતો. આવી પરિસ્થિતિ હોવા છતાં ઉલમા એ ઈઝામે તથા અઈમ્માએ કિરામે ઓછા પગારમાં પણ પોતાને દીનની ખિદમતમાં લગાવી રાખ્યા છે. મોંઘવારીના આ સમયમાં દીનના સેવકોનો શું પગાર હોવો જોઈએ ? જેનાથી તેમનું ઘર ચલાવી શકે અને વર્તમાન સમયમાં તેમના પગારો શું પડી રહ્યા છે ? તેને કેવી રીતે અંકુશમાં લઈ શકાય ? અકાબીરના સમયમાં પગારના ધોરણો શું હતા ? આવા વિવિધ પાસાઓ પર રચનાત્મક રીતે પ્રકાશ નાખવાની કોશિશ કરૂ છું. ઉમ્મીદ છે કે અમલ દ્વારા હોસલા અફઝાઈ થશે.

## ઇમામનો મકામ

**હિદાયત નાઝ કરતી હૈ કયાદત નાઝ કરતી હૈ**
**સભી સુન્ની ઇમામોં પર ઇમામત નાઝ કરતી હૈ**

ઈમામત અલ્લાહ તઆલાના પ્યારા નબી (અલયહિસ્સલામ)ની મુબારક સુન્નત છે. પવિત્ર હદીષમાં એની ઘણી ફઝીલત બયાન ફરમાવવામાં આવી છે. હુઝૂર અલયહિસ્સલામ ફરમાવે છે. "ઈમામ અને બાંગી (અઝાન પઢનાર) ને એ બધાના બરાબર સવાબ છે જેમણે તેમની સાથે નમાઝ પઢી." (બહારે શરીઅત)

વિચાર કરો ! ઈમામત એ કેટલો મહાન હોદ્દો છે કે દરેક નમાઝીને માત્ર પોતાની નમાઝનો સવાબ મળે છે. જ્યારે ઈમામ સાહેબ અને બાંગી સાહેબને બધા નમાઝીઓના બરાબર સવાબ મળે છે અને જ્યારે તમામ નમાઝીઓના બરાબર એમને સવાબ આપવામાં આવે છે ત્યારે એમની નેકીઓ કેટલી બધી હશે અને કયામતના દિવસે એમની નેકીઓના પલ્લા કેટલા વજનદાર હશે ?

એક હદીષે પાકનો ભાવાર્થ છે કે, હઝરત સૈયદના મુહમ્મદ બિન અલી રદિયલ્લાહુ અન્હુથી રિવાયત છે કે, આલિમની બે રકઅત, ગૈરઆલિમ (જે આલિમ નથી) ની ૭૦

2

રકઅતથી અફઝલ (શ્રેષ્ઠ) છે.

એક બીજી હદીષશરીફમાં છે જે વ્યક્તિએ કોઈ પરહેઝગાર આલિમની પાછળ નમાઝ પઢી તો જાણે તેણે કોઈ નબીની પાછળ નમાઝ પઢી (બદાએઉસ્માનાએ)

સુબ્હાનલ્લાહ ! પરહેઝગાર ઈલ્મવાંળા ઈમામનો દરજ્જો કેટલો મહાન છે કે એની પાછળ નમાઝ પઢવી એ નબીની પાછળ નમાઝ પઢવા જેવી છે.

**બોલો તો ઝિંદગીમેં યે મિલતા મકામ હૈ કહાં**
**ઐસી નમાઝ હૈ કહાં ઐસા ઇમામ હૈ કહાં**

## આલિમો તથા ઇમામોનું આટલું બધું અપમાન શા માટે ?

પરંતુ અફસોસ ! કેટલાક મુસલમાનો ઈમામ સાહેબો અને બાંગી સાહેબોને તુચ્છ નજરથી જુએ છે. તેમની મશ્કરીઓ કરે છે. તેમની બુરાઈઓ કરે છે. તેમની ખામીઓ શોધે છે.

મૌલાના કંઈક સારૂ કામ કરવાની કોશિશ કરે તો પણ તેની જડોમાં, તેના પાયામાં બુરાઈ શોધવામાં આવે છે. એમના માન મર્તબા અને દરજ્જાની પરવા કર્યા વગર દિલ દુભાવનારી વાતો કહી દે છે. અહિંયા એક ચેતવણી આપીને આગળ વધુ છું કે હુજ્જતુલ ઈસ્લામ ઈમામ મુહમ્મદ ગઝાલી રહમતુલ્લાહ અલયહ પોતાની જગ-મશહૂર કિતાબ મુકા-શિ-ફતુલ કુલૂબમાં, ગીબત (નિંદા) ના પ્રકરણમાં લખે છે કે, "જેણે કોઈ ફકીહ (આલિમ) ની ગીબત કરી તો કયામતના દિવસે તેના મોઢા ઉપર લખ્યું હશે, આ અલ્લાહની રહમતથી માયૂસ (મહરૂમ, વંચિત) છે."

પરંતુ લોકો આલિમો તથા ઈમામો વિષે કેવી કેવી ચર્ચા કરે છે તેના દાખલા રજૂ કરૂં છું :

★ અરે .... તમે આજે સાંજે મૌલવીને દુકાન ઉપર જોયો નહીં ?!!

લાગે છે બેગમ (પત્નિ) માટે ચુડીઓ ખરીદવા માટે આવ્યો હશે. ઘણો જ રોમેન્ટિક (રંગીન મિજાઝવાળો) છે આપણો મૌલવી !

★ મૌલવીએ આજે પોતાના દિકરા માટે રમકડું ખરીદયું. મૌલવી થઈને રમકડાં ખરીદે છે !

★ મૌલવી કાલે બેંકમાં ગયો હતો, લાગે છે મૌલવીને બેંકમાં એકાઉન્ટ પણ છે. (કોઓપરેટિવ-પ્રાઈવેટ બેંકનું વ્યાજ હરામ છે. નેશનલાઈઝ્ડ બેંકથી મળતા નફાને વ્યાજ કહેવું કે સમજવું જાઈઝ નથી. બેંકમાં એકાઉન્ટ આજના સમયમાં અતિ આવશ્યક છે.)

★ આજે મૌલવી બગીચામાં ફરી રહ્યો હતો.

3

એમ જ ફરી રહ્યો હશે ભાઈ !

મૌલવી અને ફરી રહ્યો હશે ? નહીં, નહીં કંઈક બીજું જ ચક્કર હશે !

★ મૌલવી સુસ્ત લાગે છે. નિયાઝમાં ગયો હતો. ઠાંસીને ખઈને આવ્યો લાગે છે. ખાઉધરો લાગે છે.

★ મૌલવીને પણ મોબાઈલ કે બાઇકની જરૂર પડે છે ?

નવાઈ લાગે છે !!!

મૌલવીનું બાળક મદ્રસામાં પઢે તો કહે છે ....

★ મૌલવીનો છોકરો મૌલવી જ બનશે અને કોઈ અંગ્રેજી સ્કૂલમાં ભણાવે તો, મૌલવી થઈને પોતાના બાળકને અંગ્રેજ બનાવી રહ્યો છે.

★ હુકૂમત (શાસક પક્ષ) ની તરફેણમાં બોલે તો દરબારી મૌલવી અને વિરોધમાં બોલે તો ફસાદી મૌલવી !!!

★ મૌલવી રાજકારણમાં આવે તો કેહવામાં આવે છે, "આમનું કામ મસ્જિદ અને મદ્રસામાં છે, એસેમ્બલીમાં નહીં"

★ અને જો રાજકારણમાં ભાગ ના લે તો .. "મૌલવીઓએ ઈસ્લામને મસ્જિદમાં કૈદ કરી નાખ્યો છે."

★ ભારતના ઈતિહાસમાં આઝાદીથી લઈને આજ સુધી કોઈ મૌલવી દેશનો મુખ્યમંત્રી કે વડાપ્રધાન નથી બન્યો. દેશના બધાજ ફેસલાઓ તો મૂછોવાળાઓએ કર્યા છે. તો પણ આક્ષેપ એ કરવામાં આવે છે કે, "મૌલવીઓએ મુલ્કને બરબાદ કરી નાખ્યો છે."

આવી અનેક ચર્ચાઓ કરે છે, પરંતુ તેમને ખબર નથી કે, ઉલ્માએ દીનની તોહીન (અપમાન) એ સંગીન જુર્મ છે. એટલા જ માટે આ'લા હઝરત ઈમામ અહમદ રઝાખાન રહમતુલ્લાહ અલયહ ફતાવા રઝવિયા ભાગ-૨૩ પેજ - ૬૪૯ ઉપર ઉલ્માએ દીનની તોહીન (અપમાન) કરવા સંબંધે લખે છે કે "સખ્ત હરામ, સખ્ત ગુનાહ, અશદ્દકબીરહ (ભયંકર ગુનો) છે. આલિમે દીન સુન્ની સહીહુલ અકીદા કે જે લોકોને હકની તરફ બોલાવે અને હક વાત જણાવે, મુહમ્મદુર્રસૂલલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમનો નાયબ છે. તેનું અપમાન મઆઝલ્લાહ હુઝૂર મુહમ્મદ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમનું અપમાન છે અને હુઝૂર મુહમ્મદ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમની ગુસ્તાખી (અપમાન) અલ્લાહની લાનત (ફિટકાર) અને મોટા અઝાબને વાજિબ (લાઝમી, ફરજિયાત) કરી દે છે.

ક્યારેક એવું પણ બને છે કે આલિમે દીનનું અપમાન કુફ્ર સુધી પહોંચાડી દે છે. એ લોકોને તેની ખબર પણ નથી હોતી અને તેનો એહસાસ પણ નથી હોતો. આવો ! તમને જણાવું કે આલિમે દીનની તોહીન (અપમાન) ના ત્રણ સ્વરૂપ છે. તેમના વિશે શરીઅતનો હુકમ ફતાવા રઝવિયા ભાગ-૨૧, પેજ- ૧૨૯ ઉપર આ'લા હઝરત ઈમામ અહમદ રઝાખાન રહમતુલ્લાહે અલયહ લખે છે (૧) આલિમે દીનને એટલા માટે બુરો (ખરાબ) કહે છે કે તે આલિમ છે તો ખુલ્લો કાફિર છે અને (૨) જો ઇલ્મના કારણે તેમની તાઝીમ (સન્માન) ફર્ઝ જાણે છે પરંતુ પોતાની કોઈ દુનિયવી દુશ્મનીના કારણે બુરો કહે છે, ગાળો આપે છે અને અપમાન કરે છે તો સખ્ત ફાસિક ફાજિર (ગુનાહગાર, બદચલન) છે. (૩) અગર વિના કારણે બુગ્ઝ (વેર) રાખે છે તો મરીઝુલ કલ્બ વ ખબીષુલ બાતિન (હૃદયનો રોગી અને છુપો નાપાક) છે. અને આમ ખાલી-ખાલી વેર (અદાવત) રાખવાવાળાને કુફ્રની શક્યતા છે. ખુલાસામાં છે કે, **મન અબ-ગ-દ આલિમન મિન ગય-રિ સ-બ-બિન ઝાહિરિન ખીફ અ-લય-હિલ કુફ્ર** એટલે જો કોઈ જાહેર કારણ વિના આલિમે દીનથી અદાવત રાખે, તેના ઉપર કુફ્રનો ડર છે.

**રહે હર મુક્તદી પીછે, ઇમામોંકા યે રુત્બા હૈ**
**ઇમામોંસે ઉલઝનેમેં તેરે ઈમાંકો ખત્રા હૈ**

હે લોકો ! દરેક વ્યક્તિએ આલિમની તોહીન (અપમાન)થી બચવું જોઈએ. મઆઝલ્લાહ અગર જો કોઈએ ભૂતકાળમાં પોતાના કોલ (બોલવર્ણન) અથવા (કાર્ય)થી આલિમની વિના કારણે તોહીન - અપમાન કરી નાખ્યું હોય તો, તે તૌબા કરે. તજદીદે ઈમાન એટલે ફરીથી કલ્મો પઢી ઈમાન લઈ આવે. અને જો લગ્ન કરેલા હોય તો ફરીથી નિકાહ પઢે અને કોઈનો મુરીદ હોય તો ફરીથી બૈઅત પણ કરે.

## કેટલીક એવી તૌહીન જે ખુલ્લું કુફ્ર છે.

(૧) કોઈએ આલિમથી કહ્યું, "જા ! અને ઇલ્મે દીનને કોઈ વાસણમાં સંભાળીને રાખ." આ કહેવું કુફ્ર છે.

(૨) કોઈએ કહ્યું, "મૌલવીઓએ દીનંના ટુકડે - ટુકડા કરી દીધા" આ કહેવું કુફ્ર છે.

(૩) કોઈએ કહ્યું, "આલિમ લોકોએ આ દેશને ખરાબ કરી નાખ્યો " આ કહેવું કુફ્ર છે.

(૪) ઇલ્મે દીનના કારણે ઉલમાએ કિરામની તોહીન (અપમાન) ની નિય્યતથી એમ કહે કે, "જેટલા મૌલવી છે, બધા હરામનું ખાનારા છે." આ કહેવું કુફ્ર છે.

(૫) કોઈ એમ કહે, "મૌલવી લોકો શું જાણે છે ?" આ ત્યારે કુફ્ર છે જ્યારે ઉલ્માની તૌહીન (અપમાન) નો મકસદ હોય.

5

(૬) કોઈએ એમ કહ્યું કે, "હું શરીઅત - બરીઅત નથી જાણતો" અથવા એમ કહ્યું કે, "હું શરીઅતનું શું કરૂં ? " બન્ને કુફ્ર છે.

(૭) કોઈ એમ કહે કે, "આલિમો જે ઈલ્મ શિખવાડે છે, તે કેવળ મનઘડત કિસ્સા - કહાનીઓ છે." અથવા "ખ્વાહિશાત," "પોતાનો સ્વાર્થ" અથવા "કેવળ ધોકો છે." આ બધી વાતો કુફ્ર છે.

(૮) કોઈએ તોહીનની નિય્યતથી કોઈ આલિમે બરહકના ફતવાને જમીન ઉપર ફેંકી દીધો અથવા એમ કહ્યું કે, "શરીઅત શું છે ? " તો જમીન ઉપર ફતવો ફેંકી દેવો અને આમ કહેવું બન્ને કુફ્ર છે.

(૯)કોઈ એમ કહે કે, "અલ્લાહ તઆલા એ દીન (ધર્મ)ને સરળ ઉતાર્યો હતો પરંતુ મૌલવીઓએ મુશ્કેલ બનાવી દીધો." આ આલિમોની તોહીનના કારણે કુફ્ર છે.

ફુકહાએ કિરામ (શરીઅતના પ્રખર જાણકારો) રહમતુલ્લાહે અલયહે અજમઈન ફરમાવે છે, **"અલ ઇસ-તિખ-ફા-ફુ બિલ અશ-રા-ફિ વલ-ઉલ-મા-ઈ કુફ્-રુન અશરફ"** એટલે કે સૈયદ, સાદાત (ઈમામ હસન અને ઈમામ હુસૈન રદિયલ્લાહુ અન્હુમાની ઔલાદ) અને ઉલ્માની તોહીન કુફ્ર છે.

તો મારા ભાઈઓ ! ખુદાના ખૌફથી ડરો. પોતાની ઝબાનો ઉપર કાબૂ રાખવાની કોશિશ કરો, જેથી કુફ્રી શબ્દો જીભથી ના નિકળે. ઈમાનની હિફાઝતની ચિંતા કરવી જરૂરી છે. માત્ર પોતાના અમલોને કારણે, ઈમાનની સલામતી બાબતે નિશ્ચિંત થઈ જવું, ખૂબ જ ખતરનાક અને ગંભીર બાબત છે.મલ્ફુઝાતે આલા હઝરત પેજ-૫૯૫ માં લખ્યું છે કે, "જેને સલ્બે ઈમાન (ઈમાન ખત્મ થવા)નો ડર ન હોય, તેનું ઈમાન ખતમ થવાની સંભાવના છે. અને તફસીરે નઈમી ભાગ-૧, પેજ-૨૪૭ માં લખ્યું છે કે, વલીઓ (અલ્લાહવાળાઓ)ને હકીર (તુચ્છ) જાણવા એટલો મોટો જુર્મ (ગુનો) છે કે પછી તૌબાની તૌફીક પણ મળતી નથી. અહીં એ સમજવું રહ્યું કે, અલ્લાહના વલીઓની ગણના આલિમોમાં થાય છે નહીં કે જાહિલોમાં !!! બની શકે કે કે તમે જે આલિમને તુચ્છ, હકીર જાણો અને હકીકતમાં એ વિલાયતના મન્સબ ઉપર બિરાજેલ હોય. પરંતુ આજે એવો સમય આવી ગયો છે કે જેના વિષે, હઝરત મુફતી અહમદયાર નઈમી અલયહિર્રહમા લખી ગયા છે કે, જે વલીએ પોતાની વિલાયત છુપાવવી હોય, તે મૌલવી (અર્થાત મસ્જિદનો ઈમામ) બની જાય. લોકો ક્યારેય પણ તેને વલી માનશે નહીં !

(હવાલા - તફસીરે નઈમી પારા - ૮, પેજ - ૬૮૧)

કેટલા અફસોસની વાત છે કે, કોઈ વ્યક્તિ આપણને દુન્યવી કાનૂનની જાણ કરે અથવા કોઈ ખતરાથી ચેતવે તો આપણે તેની વાતો માનીએ છીએ, સાથે - સાથે તેનો

આભાર પણ માનીએ છીએ. પરંતુ એક આલિમે દીન અમને શરીઅતના હુકમો સમજાવે, સાચો માર્ગ બતાવે તો તેની વાતને માનીને તેનો આભાર માનવાને બદલે, તેને મેણા - ટોણા મારવામાં આવે છે. તેને બદનામ અને બે-ઈઝઝત કરવામાં આવે છે.

હું સમજુ છું કે અગર ખુદકશી (આત્મહત્યા) માં કોઈ ગુનો ના થતો હોત તો સૌથી પેહલા અને સૌથી વધારે પ્રમાણમાં ઈમામો અને ઉલમાએ કિરામ જ આત્મહત્યા કરતા. કેમ કે ન અવામ ઈઝઝત એહતરામ કરે છે ન તો મસ્જિદના વહીવટકર્તા. મદ્રસાના નાઝિમ (સંચાલક) લોકો મૌલવીને ન તો જીવવા દે છે અને ન તો મરવા દે છે, અરે શું ગુનો કર્યો છે મૌલવીઓએ ?

## નમાઝી ભાઈઓને પણ ઇમામની કદર નથી

નમાઝ પઢવાવાળા ભાઈ પોતે એક-બે રકઅત થઈ ગયા પછી મસ્જિદમાં આવે છે અને અમૂક સમયે તો જમાઅત કે નમાઝ પણ છૂટી જાય છે. પરંતુ જો ઈમામ સાહબ કોઈ કારણસર એક મિનિટ પણ મોડા પડે ત્યારે તમામ નમાઝીઓ ઈમામ સાહેબને બુરૂં બોલવા લાગે છે. તેઓ એ પણ નથી વિચારતા કે ઈમામ સાહેબ પણ અમારા જેવા માનવી છે. એમને પણ કોઈ જરૂર પડી શકે છે. એમને પણ અંગત કામ હોઈ શકે છે.

એમને પણ ફેમેલી છે, એમને પણ સગા સંબંધી હોય, તેમને પણ પ્રસંગો સાચવવા પડે, એમના ઉપર પણ સામાજિક જવાબદારી હોય.

પણ નહીં - નહીં દુનિયાની તમામ પાબંદીઓ મૌલવી માટે જ બનાવવામાં આવી છે.

નમાઝી ભાઈઓને સંબોધન કરૂં છું કે, ઈમામ સાહેબોમાં પણ અમુકને અલ્લાહ તઆલાએ દીનની વધુ અને વિશાળ ખિદમત માટે પસંદ કર્યા હોય છે. તેમની ધાર્મિક સેવાંઓનો વર્તુળ મોટો હોય છે. કોઈને ગામ પૂરતા, કોઈને શહેર પૂરતા, કોઈને તાલુકા-જીલ્લા પૂરતા, કોઈને રાજ્ય કે દેશ લેવલે કે વિદેશ સુધીની ખિદમત માટે અલ્લાહ તઆલાએ પસંદ કર્યા છે.

જો આવા ઈમામ નસીબ થયા હોય તો નમાઝીઓ એ ગર્વ કરવો જોઈએ. ના કે જલ્સાના કારણે તેમની ગેર-હાજરીથી વિવાદ કે વિખવાદ ઊભો કરવો જોઈએ. બની શકે તો નાયબ ઈમામથી ચલાવીને પોતાના ઈમામને દીનની ખિદમત માટે રજા અને છૂટ આપવી જોઈએ.

પરંતુ અહિયાં સ્પષ્ટ શબ્દ લખીને કહું છું કે કહેવાતા કેટલાક નમાઝીઓ ન તો નમાઝને સમઝે છે ! ન તો ઈમામને સમજે છે ! ન તો દીનને સમજે છે ! ન તો દીનની ખિદમતને સમજે છે ! છતાં ફક્ત ઈમામની ટીકાઓ કરતા ફરે છે.

7 આ બધી બુરાઈઓનું મૂળ એક જ છે કે અમારા દિલોમાં ઈમામ સાહેબોની અઝમત રહી નથી. અમે એમને ઈમામ નહીં બલ્કે ગુલામ સમજી રહ્યા છીએ. યાદ રાખો ! આ ઈમામો અમારા નોકર કે ગુલામ નથી બલ્કે અમારા પેશ્વા, રેહબર તથા અમારા અને રબની દરમ્યાનના સફીરો (નુમાઈન્દા, પ્રતિનિધિ) છે.

**રહમતોંકા સલામ હો જાએ, અર્શપે ઉસકા નામ હો જાએ**

**દર હકીક્ત નમાઝ ઉસકી હૈ, ઇશ્ક જિસકા ઇમામ હો જાએ**

## વહીવટકર્તાઓનો વહીવટ

અમારી મસ્જિદોના વહીવટકર્તાઓ પણ ઈમામ સાહેબને એક નોકરથી વધુ સમજતા નથી. ઈમામ સાહેબ કે જેમની જિમ્મેદારી સમયસર નમાઝ પઢાવવાની છે, તેમને મસ્જિદના દરવાજા બંધ કરવા, મોટર ચાલુ કરવા, પાણી ભરવા, વુઝૂખાના પેશાબખાનાની સફાઈ, લાઈટ અને પંખાના બારામાં તો કાયદેસર ઈમામને આ તમામ બાબતોનું ધ્યાન રાખવાનો હુકમ આપવામાં આવે છે અને જો કયારેક કોઈ કામ પુરૂં ન થાય ત્યારે ઈમામને નોટીસ ફટકારવામાં આવે છે અને કયારેક તો એવું પણ બને છે કે ઈમામ સાહેબને છૂટા પણ કરી દેવામાં આવે છે.

આ રીતે કારણ વિના ઈમામને છુટા કરીને મૌલવીને મુશ્કેલીઓમાં નાખી દે છે. નવી જગ્યા શોધવી, ન મળે ત્યાં સુધી ઘર ચલાવવું, અને સૌથી મોટુ નુકશાન એ કે પોતાના બાળકોનું અધવચ્ચે સ્કૂલનું ભણતર અટકી જાય છે. કયારેક નવી સ્કૂલમાં એડમીશન મળે તો ઠીક અને જો ન મળે તો આખું વર્ષ બાળકોનું બગડે છે.

મુસલમાનો વિચાર કરો ! બેશક ! મસ્જિદની ખિદમત એ ખૂબ જ સવાબનું કાર્ય છે. પણ શું અમે આ કામો કરીએ છીએ નહીં... બિલકુલ નહીં, કારણ કે અમને શરમ આવે છે અમે આ કાર્યો કરવામાં પોતાની તોહીન સમજીએ છીએ ? તો પછી ઈમામ સાહેબને આ કાર્યો કરવાની ફરજ કેમ પાડવામાં આવે છે ? ખરેખર આ કામોની દેખરેખ કરવાની જિમ્મેદારી મસ્જિદના વહીવટકર્તાઓ અને નમાઝીભાઈઓની છે. ઈમામની નહીં. આ પ્રસંગે હુઝૂર સૈયદુલ ઉલમા મારેહરવી અલયહિર્રહમાનો એક બનાવ રજૂ કરૂં છું.

આપ મુંબઈમાં ખડક મસ્જિદના ઈમામ અને ખતીબ હતા. એક દિવસ ફજરની નમાઝમાં આપે ટૂંકી સૂરતો તિલાવત ફરમાવી. જ્યારે ફજરની નમાઝ પૂરી થઈ ત્યારે આપ પોતાના રૂમમાં તશરીફ લાવ્યા ત્યારે એક ટ્રસ્ટીએ રૂમમાં પ્રવેશ કર્યો અને સવાલ કર્યો કે હુઝૂર! આજે આપે ટૂંકી સૂરતો કેમ પઢી ? આપે ટ્રસ્ટીને બેસવાનો ઈશારો કર્યો, એ ટ્રસ્ટી બેસી ગયો ત્યારે આપે એને પૂછયું કે હોઝમાં પાણી છે કે નહીં ? લાઉડસ્પીકરનો અવાજ બરાબર છે કે નહીં ? આ મહિનામાં વિજળીનું બિલ કેટલું આવ્યું ? મસ્જિદની

સફો પાક સાફ છે કે નહીં? આ સવાલોના જવાબ આપવા માટે ટ્રસ્ટી આપને બનાવવામાં આવ્યો છે.. નમાઝમાં કઈ સૂરતો પઢવી છે, જુમ્મામાં શું તકરીર કરવી છે, કયો ખુત્બો પઢવાનો છે આ અખ્તિયાર (અધિકાર) ઈમામનો છે. તમો તમારૂં કામ કરો અને મારૂં કામ મારા પર છોડી દો. (અશરફિયા, જુલાઈ, ૨૦૦૯)

**મેહરાબો મસ્જિદોંકા અનોખા નિઝામ હૈ**
**આગે જો મુકતદીકે રહે, વો ઇમામ હૈ**

સુબ્હાનલ્લાહ ! માશાલ્લાહ ! હુઝૂર સૈયદુલ ઉલમા અલયહિર્રહમાએ કેટલો સરસ જવાબ આપ્યો અને કેટલા પ્યારા અંદાજમાં ટ્રસ્ટીને પોતાની જિમ્મેદારીઓ પર ધ્યાન આપવા અને એને પૂરી કરવાની તથા મસ્જિદની દેખરેખ કરવાની તાકીદ ફરમાવી છે.

## દીનની સેવા પર નઝરાના (પગાર) !!!

કેટલાક લોકોનું કેહવું છે કે, "આલિમોએ દીનની ખિદમત ઉપર વળતર (ભેટ કે પગાર) લેવું જોઈએ નહીં. પણ પોતે કમાવીને ખાવું જોઈએ. જેવું કે આગલા બુઝુર્ગો કરતા હતા."

હું પણ કહું છું કે, ઘણા જ આલિમો અને પીરો એવા થઈ ગયા છે, જેમણે કસ્બે મઆશ (હલાલ રોજી-રોટી માટે નોકરી-ધંધો) પણ કરી અને દીનની તબ્લીગ (પ્રચાર-પ્રસાર) પણ ! એટલા જ માટે -

ફિકહે હન્ફીમાં દીની ખિદમતનું મહેનતાણુ લેવું જાઇઝ નથી, મોટા - મોટા હન્ફી ફકીહોએ આ જ મસ્અલો લખ્યો છે. આ તે સમયની વાત છે. જ્યારે આલિમોનાં ભરણ પોષણ બૈતુલમાલથી અથવા ઈસ્લામી સલ્તનતથી થતો. પરંતુ જ્યારે ઈસ્લામી રાજ્ય વ્યવસ્થાની સાથે બૈતુલમાલ વ્યવસ્થા ખતમ થઈ તો તે પછીના હન્ફી આલિમોએ જ દીની ખિદમત પર મહેનતાણું લેવું ઉચિત ઠેરવ્યું અને અત્યારે પણ તેના પર જ અમલ છે.

★ હઝરત અતા રદિયલ્લાહો તઆલા અન્હુથી રિયાવત છે કે મદીના મુનવ્વરામાં ત્રણ શિક્ષકો બાળકોને શિક્ષણ આપતા હતા અને હઝરત ઉમર ઈબ્ને ખત્તાબ રદિયલ્લાહો અન્હુ દરેકને દર મહીને પંદર દિરહમ આપતા હતા.

(તારીખે દમિશ્ક : ૩૫/૨૪, શામિલા)

★ અલ્લામા નવવી એ ખતીબની વાત નકલ કરી, પગાર ધોરણનું વર્ણન કર્યું છે. અગ્રણીઓ પર જરૂરી છે કે, જે વ્યક્તિ પોતાને ફિકહ અને ફતવામાં મશગૂલ રાખે તેનો એટલો પગાર નક્કી કરે કે જે તેને બીજા વ્યવસાયથી બેપરવા કરી દે અને તે બૈતુલમાલથી નક્કી કરે. પછી હઝરત ઉમર રદિયલ્લાહુ અન્હુનો દસ્તૂર વર્ણન કર્યો કે જે વ્યક્તિ ફતવા

દેવાને લાયક હોય તેને વાર્ષિક ૧૦૦ દીનાર હઝરત ઉમર રદિયલ્લાહુ તઆલા અન્હુ આપતા હતા. ૧ દીનાર લગભગ ૧ તોલા સોનાનો હતો.

(મુકદ્દમા રસ્મુલ્મુફતી પે. નં.૧૫)

★ હિ.સ. ૧૫ માં જ્યારે તમામ લોકોના પગાર નક્કી થયા તો બીજા સહાબાની સાથે હઝરત ઉમર રદિયલ્લાહુ તઆલા અન્હુ માટે પણ પાંચ હજાર દિરહમ વાર્ષિક નક્કી થયા. (અલ ફારૂક ૨૯૮/૨)

★ હઝરત ઉમર રદિયલ્લાહુ અન્હુ પાસે પાંચ સંવિધાન અનુસાર ખર્ચ માટે અનુક્રમણિકા હતી. જેમાં સહાબા-એ-કિરામના જ્ઞાન અને પ્રતિષ્ઠાનું વર્ણન હતું. બીજા મુસલમાનો કરતાં બદરી સહાબાનું પેન્શન વધારે હતું.

★ એક વખત હઝરત ઉમર રદિયલ્લાહુ અન્હુ એ એહલે બૈતને વધારે ખર્ચ આપ્યો તો સાહિબઝાદા હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને હઝરત ઉમર રદિયલ્લાહુ અન્હુમાએ સમાનતાના ધોરણે વાંધો લીધો. (અલ - ફારૂક)

★ જામે સગીરમાં છે કે કુર્આનના આલિમને પ્રતિવર્ષ બૈતુલમાલથી ૨૦૦ દીનાર આપવામાં આવશે. (અલજામેઉસ્સગીર : ૩૩૬/૧, શામિલા)

★ અલ્લામા મુનાવીએ આ હદીષ વર્ણન કર્યા પછી લખ્યું છે કે આ માત્રા તેમના ખર્ચ માટે પૂર્ણ થાય તો અને જો ઓછી થાય તો આ માત્રામાં વધારો કરવામાં આવશે.

(તૈસરી બિશહીલ્મ મે ઈસ્સગીર, ૧૯૯/૧ શામિલા)

★ હઝરત ઉસ્માનગની રદિયલ્લાહુ અન્હુ સિવાય તમામ ખુલફાએ રાશિદીને ખિલાફતની સેવાનો પગાર લીધો. એક દીનાર મોટા ભાગે એક તોલા સોનાનો થતો હતો. (રહીમિયા ૯૭૬, જદીદ)

★ હઝરત ઉમરના સમયમાં જ્યારે લોકોને એક દિવસનો ખર્ચ મળતો હતો તો તેની માત્રા એ હતી કે વ્યક્તિ દીઠ અડધો બકરો આપવામાં આવતો.

આ તો શરૂઆતના સમયની ઝાંખી હતી જેમાં દીનના ખાદિમોને પ્રોત્સાહિત કરવું હતું અને તેમને એટલી હદે છૂટછાટ આપવી હતી કે તેઓ રોજી-રોટી પાછળ સમય વેડફયા વગર સંપૂર્ણ ધ્યાનથી દીનની ખિદમતમાં વ્યસ્ત રહે. તે પછી પણ ઈસ્લામી બાદશાહો દીનના ખાદિમોને પ્રોત્સાહિત કરતા રહ્યા છે જેમકે...

★ ઈમામ અબૂ યૂસુફ રહમતુલ્લાહ અલયહ, હારૂન રશીદ બાદશાહ પાસેથી દારુલ કઝા (શરીઅતના ફૈસલા)ની તનખ્વાહ (પગાર) લેતાં હતાં.

★ ઈમામ મોહમ્મદ રહમતુલ્લાહ અલયહએ મુસલમાનોથી નઝરાના (ભેટ)નો સ્વીકાર કર્યો.

★ અલ્લામા નિશાપુરી રહમતુલ્લાહ અલયહ મદ્રસાએ નિઝામિયા બગદાદશરીફના પ્રથમ ઉસ્તાદ હતા. નિઝામુલ મુલ્કે તેમનો માસિક પગાર ૧,૦૦,૦૦૦ (એક લાખ) દિરહમ નક્કી કર્યો હતો. આ મદ્રસાના તાલિબે ઇલ્મ (વિદ્યાર્થીઓ) હુઝૂર ગૌષે આઝમ, હઝરત ઈમામ ગઝાલી, હઝરત શૈખ સાદી શિરાઝી રહમકુમુલ્લાહ અલયહ છે.

★ હઝરત ઔરંગઝૈબ આલમગીર રહમતુલ્લાહ અલયહે એ જે આલિમોની મદદથી ફતાવા-આલમગીરી તૈયાર કરાવી, તેમને ૨,૦૦,૦૦૦ (બે લાખ) રૂપિયા અને ૨૦૦ કરશ સોનુ ભેટમાં આપ્યું !

અફસોસ છે કે દુનિયાવી બાદશાહોના મામૂલી નોકર શાહી ખઝાનામાંથી પગાર લે તો વાંધો નહીં. પરંતુ સરકારે દો-આલમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમના ખાદિમો, વારિસુલ અમ્બિયા ઉલ્મા એ કિરામ જે દીનને સંભાળીને બેઠા છે. તે એક પાઈના હકદાર નથી !!!

ખિલાફતકાળથી લઈને ઇસ્લામી બાદશાહોએ ઉલમાએ કિરામની ઘણી જ સેવા કરી છે, માટે આપણે પણ તેમની સેવામાં કમી કે કસર ના છોડવી જોઈએ.

(હવાલા - તફસીરે નઈમી ભાગ-૩, પેજ-૧૪૨)

## દીનના ખાદિમોનો પગાર અને આપણી જવાબદારીઓ

આજે લોકો ઈમામ સાહેબો અને બાંગી સાહેબોના પગારની ચિંતા નથી કરતા. એમના ઘરોના હાલ શું છે ? એ લોકો કેટલી મુશ્કેલીઓથી પોતાનું ગુજરાન ચલાવી રહ્યા છે ? એની એમને જરાય ચિંતા નથી. ખુદ હજારો રૂપિયા ખર્ચી નાખે છે. શાદી વિવાહમાં લાખો રૂપિયાનો બગાડ કરી નાખે છે. મોજ મસ્તી કરવામાં હજારો ઉડાવી દે છે, પરંતુ જ્યારે ઈમામ સાહેબને પગાર આપવાની વાત આવે ત્યારે ૧,૦૦૦ થી ૫,૦૦૦ જેવા મામૂલી પગારની વાત કરે છે.

આજે શિક્ષકો, પ્રોફેસરો, બેંક કર્મચારીઓ, ઇલેક્ટ્રીશિયનો, ડોકટરો, ડ્રાઈવરો, ફેકટરીઓના વિવિધ કર્મચારીઓ તથા ગમે તે ફીલ્ડના કર્મચારીઓનો સામાન્ય પગાર ૧૫,૦૦૦ થી ૪૦,૦૦૦ કે ૬૦,૦૦૦ સુધી હોય છે. કર્મચારી નોકરી છોડવા પર પી.એફ. ના હકદાર હોય છે અને જો સરકારી કર્મચારી હોય તો પછી શું કહેવું ? રિટાયર થયા પછી પ્રણ પેન્શનના હકદાર તો ખરા જ !!!

કોઈ પણ ધંધાદારી કારીગર એક દિવસના ૪૦૦ થી ૫૦૦ લે છે. અરે ! ત્યાં સુધી કે અભણ અંગૂઠા છાપ મજૂર સવારે ૯-૦૦ વાગે કામ ઉપર જાય બપોરે ૧-૦૦ વાગે પાછો ફરે તો તે પણ પૂરા દિવસનો પગાર, ઓછામાં ઓછા ૩૦૦ રૂપિયા લઈને આવે છે.

પરંતુ એક મૌલવી જે ૨૪ કલાક ડયૂટી આપે છે. જે પાંચ ટાઈમ નમાઝ પઢાવે, અમને દીન શીખવે છે, અમારા મર્હૂમોના જનાઝાની નમાઝ પઢાવે છે, અમારા મર્હૂમોના ફાતેહા પઢે છે, અમારા નવજાત બાળકોના કાનમાં અઝાન પઢે છે. પોતાના ઘરને છોડીને ખુદાના ઘરની ચિંતામાં લાગેલો રહે છે. લોકોના ઈમાનની રક્ષા માટે કોઈ પણ જાતની પરવા કર્યા વગર ઝઝૂમતો હોય છે. ટૂંકમાં અમારી તમામ દીની જરૂરિયાતને જે ઈમામ સાહેબ પૂરી કરે છે એનો પગાર એક પટાવાળા અથવા મજૂર જેટલો પણ નથી.

વધારેથી વધારે ૩ થી ૫ હજાર, એ પણ મહીને !!! ઘણીજ અફસોસજનક વાત છે. આટલા પગાર પર ફક્ત મૌલવી જ સબર કરે છે. અગર જો કોઈ બીજા કર્મચારી વર્ગનો આટલો પગાર હોય તો, અત્યાર સુધીમાં ન જાણે કેટલાય આંદોલનો થઈ ગયા હોત !!!

પરંતુ આ ઉલમાએ કિરામ છે કે જે અલ્લાહ તઆલા ઉપર ભરોસા રાખી જિંદગીના દિવસો કાપી રહ્યા છે. છેવટે શું કરે આ બિચારા ?

અગર જરાક બોલી દીધું કે મારો પગાર વધારો, મારો પગાર ઓછો છે. તો તરત જ આ શબ્દો સાંભળવા મળશે.

- મૌલવી લાલચી.
- મૌલવી પૈસાના ભૂખ્યા.
- મૌલવી દીનને પૈસાથી વેચી રહ્યા છે. વગેરે વગેરે, મઆઝલ્લાહ !

હવે વિચાર કરો ! જ્યારે ઈમામનો પગાર ૫,૦૦૦ રૂા. હોય ત્યારે એ પોતાના ઘરનું ગુજરાન કેવી રીતે ચલાવશે ? મોંઘવારી આસ્માને પહોંચી ગઈ છે, દરેક વસ્તુઓના ભાવ વધી ગયા છે. પાંચની વસ્તુ પચ્ચીસની થઈ ગઈ છે પણ ઈમામોના પગાર મોંઘવારીને ધ્યાનમાં રાખી વધારવામાં આવતાં નથી. પરિણામે ઈમામ સાહેબ પોતાના બાલ-બચ્ચા અને ઘરવાળાની ચિંતાઓનો બોજ લઈને મુસલ્લા પર ઊભો થયો છે અને મગજમાં ઘરવાળાઓની ચિંતા હોય છે તો પછી એનું દિલ નમાઝમાં કેવી રીતે લાગશે ? આ જ કારણ છે કે આજે લોકો તો લોકો, આલિમો પણ પોતાના બાળકોને આલિમ બનાવવા તૈયાર નથી અને દિવસે દિવસે મદ્રસાઓમાં વિદ્યાર્થીઓની સંખ્યા ઘટી રહી છે.

આજે એક સામાન્ય કર્મચારીનો પગાર ૧૫,૦૦૦ રૂા. હોય છે. જ્યારે ઈમામ સાહેબનો પગાર ૫,૦૦૦ રૂા. થી પણ ઓછો હોય છે. વિચાર કરો ! એ કેવી રીતે પોતાની અને પોતાના ઘરવાળાઓની જરૂરિયાતોને પૂરી કરતાં હશે ? યાદ રાખો મુસલમાનો ! જે ઈમામ સાહેબે પોતાનું સંપૂર્ણ જીવન દીનની સેવા અર્થે વકફ કરી દીધું

છે એમની જરૂરતોને જો અમે પૂરી નહીં કરીએ તો અમને ખુદાતઆલાની બારગાહમાં એનો જવાબ આપવો પડશે. અલ્લાહ તઆલા સવાલ કરશે કે તમે મારા બંદા જે દીનની સેવામાં વ્યસ્ત હતા; એમની તમે શું મદદ કરી હતી ? શું તમે એમને ખુશ કરવાના પ્રયત્નો કર્યા હતા ? શું તમે એમને બાલ-બચ્ચાઓ અને ઘરની ચિંતાઓથી મુક્તિ આપી હતી જેથી એ બિલકુલ ચિંતામુક્ત થઈને દીનની સેવા કરતા ?

**સુખી જો રેહના હૈ યે બાત આઝમાકે દેખ**
**કિસી ઇમામકો કુછ દિન ખિલા-પિલાકે દેખ**

## ઓછા પગારની નકારાત્મક અસરો :

ઓછા પગારના કારણે સારા હાફિઝો અને આલિમોને મેં જોયા છે કે, ઈમામત છોડીને દુનિયવી કામ-કાજમાં લાગી ગયા છે. અગર કોઈ મજબૂરીવશ ઈમામત છોડીને હલાલની કમાઈ કે વેપાર - ધંધો કરે તો પણ લોકો નથી છોડતા.

"જોયું ? મૌલાના દુનિયાદાર થઈ ગયા છે. મસ્જિદ છોડીને દુકાન ચલાવી રહ્યા છે." છેવટે શું કરે બિચારા મૌલવી ? અહીં કોઈના નામ કે સરનામા નહીં જણાવું, પરંતુ ૧૦૦% સત્ય હકીકત લખી રહ્યો છું.

★ એક હાફિઝ સાહેબ ઈમામત છોડી અત્યારે દરજીકામ સીખીને દરજી કામ કરી જીવનમાં સુખ અને સંતોષ વ્યક્ત કરે છે.

★ એક હાફિઝ સાહેબ ઈમામત છોડી ખેતી કામ કરી રહ્યા છે.

★ એક હાફિઝ સાહેબ રિક્ષા ચલાવે છે.

★ એક આલિમ સાહેબ ઈમામત છોડી ડ્રાઈવર તરીકે ગાડી ચલાવી રહ્યા છે.

આવા અનેક દાખલાઓ આપની પણ સમક્ષ હશે જ. પરંતુ એક સત્ય ઘટના વિસ્તાર પૂર્વક જણાવવા માંગુ છે. ઓછા પગારના કારણે એક હાફિઝ સાહેબની નોકરી કેવી રીતે ગઈ ?

ભારતના એક મુખ્ય શહેરમાં એક મસ્જિદમાં લગભગ છેલ્લા ૨૫ વર્ષથી ઓછા પગાર ઉપર એક હાફિઝ સાહેબ નોકરી કરતા હતા. હાફિઝ સાહેબ નેક, સારા અખ્લાકવાળા અને સબ્રવાળા હતા. દારૂલઉલૂમમાં હાફિઝ થયા પછી તરત જ એક જગ્યાએ ઈમામતમાં લાગ્યા. સમય પસાર થતો ગયો. શાદી થઈ, બાળકો થયા. એક બાજુ મોંઘવારી વધતી ગઈ, બીજી બાજુ જરૂરીયાતો અને જવાબદારીઓ વધતી ગઈ. પરંતુ હાફિઝ સાહેબ જેમતેમ કરી પોતાનું ગુજરાન ચલાવી રહ્યા હતા.

પણ એક દિવસ ન થવાનું થયું. હાફિઝ સાહેબની પત્નિ એક ગુનો કરતા પકડાઈ ગઈ. હાફિઝ સાહેબ અને તેમની પત્નિની બેઇઝઝતી અને બદનામી થઈ. આ કારણોસર

હાફિઝ સાહેબ જે વર્ષોથી ઈમામત કરી રહ્યા હતા તેમને બેઈઝ્ઝત કરી નોકરીમાંથી કાઢી નાખવામાં આવ્યા.

પરંતુ મારા ભાઈઓ ! હું અહિયાં એ પૂછવા માંગુ છું કે, હાફિઝ સાહેબને નોકરીમાંથી કાઢવાનું મુખ્ય કારણ શું? શું તેમના પત્નિ પૈસાની કમીના કારણે ગુનો કરતા પકડાઈ ગઈ તે ? કે પછી હાફિઝ સાહેબની જરૂરિયાતને પૂરી ન કરતા મસ્જિદના વહીવટકર્તાઓ !!!?

અગર હાફિઝ સાહેબનો પગાર જરૂર પૂરતો હોત તો, તેઓ ઘરની જરૂરિયાતો સમયસર પૂરી કરતા અને તેમની પત્નિ કયારેય પૈસા માટે કોઈ ગુનો ન કરતી. આ ખરાબ કામ કરવા મજબૂર થવા માટે, હાફિઝ સાહેની બદનામી અને બેઈઝ્ઝતી થવા પાછળ અને તેમની નોકરી છૂટવા પાછળ હું તમામ એ લોકોને જવાબદાર ગણું છું, જે લોકો આ હાફિઝ સાહેબના ઓછા પગાર માટે જવાબદાર હતા.

એક મસ્જિદના મોસ્ટ સિનિયર અને સર્વાધિક લોકપ્રિય ઈમામ સાહેબના દીકરાએ તે વિસ્તારની એક છોકરી જોડે પ્રેમ-લગ્ન કરી લીધા. કન્યાપક્ષે આ શાદીને સ્વીકૃત કરી તો પણ સ્થાનિક જમાતના પ્રમુખે ઈમામ સાહેબને કાઢી મૂકયા. મોડર્ન પુત્રના ગુના (!) ની સજા, શરીઅતના પાબંદ સુન્ની ઈમામને આપીં. પણ કુદરતનો તમાચો જુઓ કે થોડા દિવસ પછી, એ જ પ્રમુખના શાસન દરમ્યાન, જમાતના વહીવટ હેઠળની અન્ય મસ્જિદમાં એક એવા વહાબીની, ઈમામ તરીકે નિમણૂંક થઈ, જે ઉત્તરાયણના દિવસે મસ્જિદના ધાબેથી પતંગ ચગાવતો હતો. પ્રમુખના શાસન સુધી આ બદ-અકીદા ઈમામ રહ્યો. ત્રણ વર્ષે પ્રમુખ બદલાતાં તેને કાઢી મૂકવામાં આવ્યો. આ વાતને અહીં પૂર્ણ કરૂં છું. બીજી કેવી અસરો પડી છે એ જોઈએ.

આજે એવા ઘણા લોકો છે જે કાબિલ હતા કે તેઓ ઈલ્મી મેદાનના ઘોડે સવાર હોય તો કિંમતી મોટા-મોટા ઘણા કામો કરી શકતા પણ પગારોના અસમતોલપણાં એ તેમને આ રસ્તાથી દૂર રહેવા પર મજબૂર કર્યા બલ્કે અમૂક વિદ્યાર્થીઓ તો શરૂ થી જ એવું વિચારે છે કે ફરાગત પછી બીજી લાઈન અપનાવવી છે. યુરોપીય દેશો અથવા આરબ રાષ્ટ્રોમાં સફર કરવું છે. નહીંતર મસ્જિદો અને મદ્રસાઓના પગારોમાં નિભાવ કેવી રીતે શક્ય છે ? ઈલ્મી કામો માટે નિશ્ચિંતતા અને નવરાશ જરૂરી હોય છે. પણ એક વ્યક્તિને જ્યારે રોજી-રોટી કમાવવામાં પ્રવૃત રાખવામાં આવશે અને સવાર - સાંજ તેની જ ફિક્રમાં હશે તો તે ઈલ્મી કામ માટે કયારે પોતાને મુક્ત કરી શકશે ? આજ કારણે આજે ઈલ્મી મેદાનના શેહસવારોની દિન પ્રતિદિન કમી થતી રહી છે અને વિદ્વાન લોકોની અવગણના તેહકીકી કામો માટે ઝેહરે કાતિલ બની રહી છે. જો મસ્જિદ અને મદ્રસાના જવાબદાર લોકો આ દિશામાં ચિંતન કરે અને આલિમોની પ્રતિષ્ઠા જાળવે અને તેમને કમાવવાની ફિક્રથી મુક્ત કરવાની નેક કોશિશ કરે. સંશોધનાત્મક, પુસ્તક લેખન અને મઝહબી કામ માટે નવા વ્યક્તિઓ બનાવવા તરફ આ આલિમોનો ધ્યાન કેન્દ્રીત કરે તો

શું ફરી પાછો ભૂતકાળ નથી દોહરાવી શકતા ? ઈસ્લામી શિક્ષણક્ષેત્રની કમી અને તૃટીનો પ્રારંભિક કારણ પગારોમાં અસમતોલપણું છે. દરેક જવાબદારની દિલી તમન્ના હોય છે કે શિક્ષણક્ષેત્રે પ્રગતિ થાય, તેમનો મદ્રસો એક આદર્શ મદ્રસો બને, તેમની તરફ બાળકોનો પ્રવાહ વધે, તેમના મદ્રસાની દરેક જગ્યાએ નામના થાય. આ વાતો અને વિચારો તો મનમોહક છે પરંતુ તેના માટેની જરૂરી મહેનત થતી નથી. જરૂરી ચીજનો ઉપયોગ થતો નથી જેથી આલિમો વિદ્યાર્થીઓ પર મહેનત કરવાથી અસમર્થ છે. અને ક્ષણિક એકાદ ઉર્દૂ શરહથી જ સંતોષ માનવામાં આવે છે. છેવટે નકામા અયોગ્ય વિદ્યાર્થીઓની મોટી સંખ્યા મદ્રસામાંથી અવામ સુધી પહોંચે છે. જે દીની ખિદમતના લાયક નથી હોતા. મસ્જિદ અને મદ્રસાના સેવકો (મુદર્રિસ, ઈમામ વગરે)ને તેમની જરૂરત, ઈલ્મી સલાહિય્યત અને તકવા તહારતને નજર સમક્ષ રાખીને તેમનો પગાર નક્કી કરવો જોઈએ. મસ્જિદની વકફની આવકમાં શક્ય હોય તો તેમાંથી અને જો અશક્ય હોય તો દર શુક્રવારે મસ્જિદમાં ઝોલી ફેલાવી, સ્થાનિક મુસલમાનોથી ચંદો કરીને તેમની જરૂરત મુતાબિક તેમના પગારની વ્યવસ્થા કરવી જોઈએ. જો મસ્જિદની આવક વધારે હોય અને ઈમામ સાહબ માશાઅલ્લાહ લાંબા સમયથી ઈમામતની સેવામાં પ્રવૃત હોય, જુમ્આના દિવસે બયાન પણ કરતા હોય, નેક અને મુત્તકી પણ હોય અને બાલ બચ્ચાવાળા હોય તો મુતવલ્લીઓ પર જરૂરી છે તેમના પગારની કમીને નજર સમક્ષ રાખી પગારમાં વૃદ્ધિ કરે. મસ્જિદની આવક હોવા છતાં તેમના ઘરનાં ખર્ચાઓ મુજબ પગાર ન દેવું ઝુલ્મ છે.

મજૂરી પૂરી ન દેવાનો મતલબ ખાલી એટલો જ નથી કે તેની મજૂરી મારી લેવી, પૂરી ન દેવી પણ તેમાં આ પણ સામેલ છે કે, જેટલી મજૂરી આ કામની મળવી જોઈએ તેટલી ન દેવી અને તેની મજબૂરીનો લાભ ઉઠાવી ઓછામાં ઓછી મજૂરી પર કામ લેવું. ફુકહા-એ-કિરામે સ્પષ્ટતા કરી છે :

**વ યુઅતી બિક્દ્રીલ્હા-જતી વલ્ફી-ક્હી વલ્ફઝલી ફ ઇન્ક્સર કાનલ્લાહુ અલૈહી હસીબા** એટલે કે મુતવલ્લી અને મદ્રસાના વ્યવસ્થાપક પર જરૂરી છે કે મસ્જિદો અને મદ્રસાઓના ખાદિમોને તેમની જરૂરત મુજબ અને તેમની ઈલ્મી સલાહિયત (લાયકાત) તકવા, પરહેઝગારીને ધ્યાનમાં રાખીને તેમનું વેતન અને પગાર આપતાં રહેવુ જોઈએ, અવકાશ હોવા છતાં ઓછું આપવું ખરાબ વાત છે. અને મુકતદીઓ, મુતવલ્લી તેમજ વ્યવસ્થાપકને અલ્લાહની બારગાહમાં જવાબ આપવો પડશે.

મુદર્રિસ અને ઈમામને તેમની જરૂરત મુજબ પગાર આપવો જોઈએ. તેમાં કોઈ પણ રીતે ઓછું દેવું જુલ્મ બરાબર છે અને ઓછું દેવાવાળાઓએ ખુદાની બારગાહમાં જવાબ દેવાથી ડરવું જોઈએ બલકે તેનાથી આગળ વધીને અલ્લામાં અલાઉદ્દીન હસ્કફી અલૈહિર્રહમહએ ફરમાવ્યું.

15 એહલે અતા એટલે કે કાઝી, મુફતી અને મુદર્રિસને વર્ષભરમાં એટલું આપવામાં આવે કે જેનાથી ન ફક્ત જરૂરત પૂરી થાય બલકે તે પગાર પર સંતુષ્ટ રહીને કાયમ દીનના કામમાં લાગેલા રહે અને દીનના કામને પૂર્ણ જોશથી અંજામ આપે.

(દુર્રે મુખ્તાર ૨૧૯/૭)

## મસ્જિદ આલીશાન પણ ઇમામને રહેવા જૂની દુકાન

અનેક મસ્જિદોમાં જવાનું થાય છે. માશાઅલ્લાહ ! દરેક મસ્જિદમાં નમાઝીઓ માટે સારામાં સારી સુવિધાઓ ઉપલબ્ધ હોય છે. મસ્જિદોના શણગાર, કાલીન, એ.સી., ઝૂમ્મર, માર્બલ, સુંદર ટાઇલ્સ વગેરે જોવા લાયક હોય છે. અને એની પાછળ લાખો રૂપિયા ખર્ચ કરવામાં આવે છે. આ દરેક સુવિધા નમાઝ પઢવાવાળાઓ માટે કરવામાં આવે છે. નમાઝીઓના માટે આવી સગવડ જોઈને દિલમાં ઘણી જ ખુશી થાય છે.

પરંતુ અફસોસજનક વાત એ છે કે, જ્યારે ઈમામના મકાન માટે તપાસ કરીએ છીએ તો જાણીને હોશ ઉડી જાય છે, કે ઈમામ સાહેબને રેહવાની રૂમની વ્યવસ્થા સુદ્ધાં હોતી નથી. અને હોય છે તો એક નાની દુકાન જેટલી ઓરડી ! જેમાં વર્ષો બાદ ચુનો કરવામાં આવે છે. સુવિધાના નામે મીંડુ હોય છે. ન છતના ઠેકાણા, ઉનાળાની ગરમી સહન થાય ન ચોમાસામાં વરસાદના પાણીથી બચી શકાય. ના બારી-દરવાજાના ઠેકાણા. આવા રૂમમાં મૌલાનાની ફેમિલીને રેહવા માટે મજબૂર થવું પડે છે. મૌલાના પોતાની પત્નિ અને બાળકો સાથે જેમ-તેમ ચલાવી લે છે. પરંતુ મૌલાના કયારેય સ્વપ્ન નથી જોઈ શકતા કે, તેમના ભાઈને પણ સાથે રાખી શકે. ભાઈને તો છોડો મૌલાના પોતાના માં-બાપને પણ નથી રાખી શકતા. એક આલિમે દીન જે માં-બાપનો મકામ સમજે છે પણ તેમની સેવા નથી કરી શકતો. એટલા માટે કે જે ઓરડી તેમના માટે આપવામાં આવી છે તે તેમને જ પૂરતી નથી તો, માં-બાપનો કયાં સમાવેશ કરે ? તેમની ખિદમત કેવી રીતે કરે ? તેમના હક કેવી રીતે અદા કરે ? ઘણી જગ્યાએ તો મૌલ્વીને પત્નિ વગર જ એકલો જ રહેવાની ફરજ પાડવામાં આવે છે. લગ્ન કર્યા પછી પણ તેની પત્નિ વતનમાં જ રહે છે. પછી મૌલ્વી વતન જવાની વાત કરે તો પણ ટ્રસ્ટીઓ નારાજ થાય છે. અગર ભાડેથી અલગ મકાન રાખે તો, એટલા ઊંચા પગાર નથી કે તેમને પોષાય. બિચારા મૌલવી શું કરે ? બાળપણમાં ઈલ્મે દીન હાસિલ કરવા માં-બાપથી દૂર થયા. આલિમ-ફાઝિલ બની ગયા છતાં માં-બાપથી દૂર રહેવા મજબૂર છે આલિમે દીન !!!

જરા વિચારો મુસલમાનો ! જે મસ્જિદની અસલ રોનક છે, તેમના વિશે વિચારો. હું એમ નથી કેહતો કે મસ્જિદોને ન સજાવો કે સુવિધાઓ ન વધારો. મસ્જિદોને પણ શણગારો અને ઈમામ સાહેબના મકાનની સુવિધાઓ માટે પણ ખયાલ રાખો. અગર એજ ઓરડીમાં આપણને એકલા કે આપણી ફેમિલી સાથે રાખવામાં આવે તો આપણે તેમાં રેહવા રાજી થઈશું ? જરાક હૃદય ઉપર હાથ રાખીને જવાબ વિચારો !!!

## 16 જવાબદારોની સમૃદ્ધ જીંદગી


એ વાત તદ્દન સાચી અને યોગ્ય છે કે આપણા અકાબિર ઉલમાએ ક્યારેય પણ દીનની સેવા માટે પગાર ધોરણને માપદંડ નથી બનાવ્યું બલકે અમુક એવા પણ કિસ્સા છે કે જવાબદારો એ પગાર વધારો કર્યો પણ તેમણે તેનો અસ્વીકાર કર્યો પણ આ વાત તે સમયની વાત છે જ્યારે જરૂરતો ઓછી હતી, મોંઘવારીએ માઝા મૂકી ન હતી અને ઉસ્તાદ અને જવાબદાર લોકોની જીંદગીમાં કોઈ ફરક પણ ન હોતો, સર્વેની રહેણી કરણી બરાબર હતી, મુદર્રિસ અને વ્યવસ્થાપક બન્ને સાદગીધારક હતા. અકાબિર જવાબદાર હોતા પણ ઘરમાં ચૂલો સળગતો નહીં. જો આ જ હાલત આજે પણ ઊભી થાય કે વ્યવસ્થાપકો ભૂખ્યા રહે તો આલિમો તથા ઉસ્તાદો પણ ભૂખ સહન કરવા તૈયાર છે પણ અહીં તો વિરોધાભાસ છે, ટ્રસ્ટીઓ તથા નમાઝીઓની ફેમીલીમાં માત્ર સવારના નાસ્તાના જેટલો ખર્ચ થાય છે તેનાથી પણ ઓછી રકમનો પગાર ઈમામને આપવામાં આવે છે. આજે મદ્રસાના વ્યવસ્થાપકના તથા મસ્જિદના ટ્રસ્ટી કે વહીવટકર્તાઓના ખર્ચાઓનું નિરીક્ષણ કરવામાં આવે તો નવા નવા કપડાઓ, વિવિધ જાતના જૂતાઓ, મોંઘા વાહનો, કીમતી મોબાઈલો, દરેક સમયે ખિસ્સાઓમાં હજારો રૂપિયા જાણે કે તેમની જિંદગીમાં પ્રગતિ અને માલ - દોલત છે. અમને એ વાતનો સ્વીકાર છે કે શક્ય છે કે આપની શરૂઆતની જિંદગી દરિદ્રતા અને ગરીબીમાં પસાર થઈ હોય. આપના પ્રારંભિક દિવસો કષ્ટદાયક રહ્યા પણ હોય. તેનો એ અર્થ નથી કે તમો બીજાને પણ આવી કષ્ટદાયક જિંદગી ગુજારવા મજબૂર કરો.

આજે જરૂરત એ વાતની છે કે મસ્જિદો અને મદ્રસાઓના વ્યવસ્થાપકો હકીકતોથી વાકેફ થાય, પરિસ્થિતિ જાણે, પગારોમાં સંતુલન પેદા કરે અને એવા પગારધોરણ નક્કી કરે જેનાથી એક મધ્યમવર્ગીય પરિવાર સરળતાથી પોતાની જરૂરિયાત પૂર્ણ કરી શકે અને પગાર વૃદ્ધિ દ્વારા દીનના સેવકોને સ્વતંત્રતાથી કામ કરવાનો સમય આપે અને એટલો પગાર હોય કે તેઓ સુકુન અને નિશ્ચિંતતાથી દીનનું કામ કરી શકે. તેમને કર્ઝ-મુક્ત કરી માલિકે નિસાબ બનાવી દેવામાં આવે જેથી ઝકાત ન લે. નમાઝીઓ ચંદો કરી તેમને હજ કે ઉમ્રહ માટે મોકલે.અલ્લાહ તબારક વ તઆલા મને, આપને સૌને પ્યારા નબી સલ્લલ્લાહો અલયહે વસલ્લમના સદકામાં ઈલ્મ અને ઉલ્માની કદર કરવાની તૌફીક અતા ફરમાવે, આમીન....

**દિલકે યે નક્શ હૈં ઇન્હેં રખના સંભાલ કર**
**કાગઝપે રખ દિયા હૈ કલેજા નિકાલ કર**

**દુનિયાને તજરુબાતો હવાદિસકી શકલમેં**
**જો કુછ મુઝે દિયા હૈ, વો લૌટા રહા હૂં મૈં**

સદારત સૈયદોંકી હૈ સિયાદત સૈયદોંકી હૈ
ઈમામોંકે ઈમામોંકી ઈમામત સૈયદોંકી હૈ



દરગાહે સિરાજુલ હિંદ, મુબલ્લિગે આઝમ, તારીકુસ્સલ્તનત હઝરત સૈયદ શાહ સુલ્તાન હાજી હૂદ ચિશ્તી બાકિરી સમરકંદી અલૈહિર્રહમા (પાટણ)

# એક નઝર ઇધર ભી !

અલ્લાહ જલ્લે શા-નહુનો જેટલો શુક્રિયા અદા કરીએ તેટલો ઓછો છે, કે તેણે તેના પ્યારા પયગમ્બર, નબીઓના સરવર, રસૂલોના અફસર, સકળ બ્રહ્માંડ કાજે રાહબર સૌના માટે દયાના સાગર એવા હુઝૂર પુરનૂર અહમદે મુજ-તબા મોહમ્મદ મુસ્તફા સલ્લલ્લાહો અલયહે વસલ્લમના ઉમ્મતી બનાવીને મહા ઉપકાર કર્યો છે. તે જ રૂહાની નિસ્બતે આપણને આ નાનકડી દીની ખિદમતની તૌફીક અતા કરી છે.

બઝ્મે કાદરિયહ-કડી આપ સૌના સાથ સહકાર અને સહયોગથી તેનું ૧૬મું પ્રકાશન મસ્જિદોના ઇમામોની દયનીય હાલત માટે જવાબદાર કોણ ? રજૂ કરતાં ખુશીનો એહસાસ કરે છે, આપનો ખૂબ ખૂબ આભાર માને છે.

સાથ-સહકાર અને ઇમદાદની અપેક્ષા સહ, ખુદા હાફિઝ !

દરેક પ્રકારની મદદ નીચે લખેલ સરનામે મોકલવી.

## બઝ્મે કાદરિયહ

સિંધીવાડ, કસ્બા, મુ. કડી, જિ. મહેસાણા.

પ્રિન્ટેડ બાય : MP મદની પ્રિન્ટર્સ, (અહમદાબાદ-૧) (મો) ૯૩ ૨૮ ૭૮૬ ૯૨ ૦